ગાંધીનગરસમાચાર
તા. ૧૨-૧૨-૨૦૧૩, ગુરૂવાર

તંત્રી સ્થાનેથી.....

સાચા બોલા નેતાઓ હજુ, કોંગ્રેસમાં છે

મણિશંકર અય્યર કોંગ્રેસના વરિષ્ઠ નેતા છે અને ક્યારેક તો એ એની થિન્ક ટેન્કમાં મહત્ત્વની કામગીરી પણ બજાવતા હતા. વિદેશ સેવાઓમાંથી નિવૃત્ત થયેલ આ દક્ષિણના તમિલભાષી નેતા કોઈપણ ઉત્તર ભારતીય નેતા કરતાં સાચી અને સારી હિંદી બોલી જાણે છે. એમની લાંબી કારકિર્દી દરમિયાન એ ઈંદિરા ગાંધી, રાજીવ ગાંધી અને નરસિંહરાવ સુધીના નેતાઓ સાથે ખૂબ નિકટતા ધરાવતા હતા. સંરક્ષણ, વિદેશ, પંચાયત, ગ્રામવિકાસ વગેરે પાયાની બાબતોમાં એમનું અગાધ ચિંતન રહ્યું છે. કોંગ્રેસ ખરેખર તો એમની ક્ષમતા અને કાર્યદિક્ષતાનો કરવો જોઈએ એવો સદુપયોગ નથી કરી શકી. એથી મણિશંકર ઐયર કરતાં વધુ નુકસાન પાર્ટીને થયું છે. સાચાબોલા ઐયરે કોંગ્રેસના વર્તમાન નેતૃત્વ સામે પણ અવારનવાર સ્પષ્ટ મંતવ્યો આપેલ છે. આ એક એવા નેતા છે જે અન્ય કોંગ્રેસીઓની જેમ મસ્કાપોલિશના રાજકારણમાં નથી માનતા તેથી જ્યારે એમને વર્તમાન સંજોગો વિશે પૂછવામાં આવ્યું ત્યારે એમણે પ્રજામાનસનો પડઘો પાડતો અભિપ્રાય દર્શાવ્યો અને કહી દીધું કે આમને આમ ચાલ્યું તો ૨૦૧૪ની લોકસભાની ચૂંટણી જીતવાનું કામ કોંગ્રેસ માટે મુશ્કેલ બની રહેશે. હવે આમાં ઐયરે કંઈ જ ખોટું નથી કહ્યું છતાં ટંગડી ઊંચી રાખવા ટેવાયેલા કોંગ્રેસી હાઈકમાંડે પક્ષપ્રવક્તા ભક્ત ચરણદાસ પાસે કહેવડાવી દીધું કે આ ઐયરનું અંગત મંતવ્ય છે. શું આ જ મંતવ્ય સોનિયા ગાંધીનું અને રાહુલ ગાંધીનું નથી? સેમીફાઈનલ તરીકે ઓળખાવાયેલ પાંચ રાજ્યોની ચૂંટણીમાં ફક્ત મિઝોરમ જેવા છેવાડાના રાજ્ય સિવાય કોંગ્રેસે ક્યાંક સત્તા મેળવી નથી. છત્રીસગઢમાં કોંગ્રેસી નેતાઓની સામૂહિક હત્યાના મુદ્દે ઊભી થયેલી સહાનુભૂતિ સુદ્ધાં એને ફળી નથી. અર્થાત્ પ્રજામાં કોંગ્રેસી શાસન પ્રત્યે ભારોભાર અભાવનું વાતાવરણ પ્રવર્તી રહ્યું છે, એમાં શંકાને સ્થાન નથી. તો શું આવા પ્રતિકૂળ વાતાવરણમાં 'કોંગ્રેસ જ જીતી જશે' એવું વાહિયાત વિધાન કોઈ સ્વીકારશે ખરું? મણિશંકર ઐયરે સાચી છતાં કડવી અથવા કડવી છતાં સાચી વાત કરી છે અને કડવાબોલું તો માવતર જ હોય. એમણે કંઈ આ વિધાન મોદીની પ્રશંસામાં નથી કર્યું. મોદી વિશે એમના મનમાં અત્યંત સ્પષ્ટ ખ્યાલો છે. મણિશંકર ઐયર વિશ્વરાજકારણના અભ્યાસી અને સુસંસ્કૃત વિદ્વજ્જન છે. એમને મોદી પ્રભાવિત ન જ કરી શકે બલકે મોદી સત્તા પર આવે તો દેશના અન્ય કોઈ પણ નાગરિક કરતાં વધુ પીડા મણિશંકર ઐયર અનુભવશે. પરંતુ જે વાસ્તવ છે એનો નકાર કરવાથી શો ફાયદો? હાલ મોદીના નામનું વાવાઝોડું ફૂંકાયું છે, તે હકીકત છે. મારીચને રાવણનો હઠાગ્રહ ગમ્યો નહોતો, પરંતુ રાજાનો આદેશ પાળવો ફરજિયાત હોઈ એણે નાછૂટકે સુવર્ણમૃગનું રૂપ લઈ સીતાને લલચાવવાનું સ્વીકાર્યું હતું. જતાં જતાં એણે રાવણને ગાંઠે બાંધી રાખવા જેવાં સોનેરી કથન કહ્યાં હતાં, તે રામાયણની શોભા બની રહ્યાં છે. એણે કહ્યું હતું: હે રાજન, તમને મીઠું બોલનારા તો ઘણા મળી રહેશે. પરંતુ જગતમાં અપ્રિય છતાં પથ્ય હોય એવું- કડવું કહેનારા કે સાંભળનારા દુર્લભ છે.

અપ્રિય સ્ય ચ પથ્ય સ્ય વક્તા શ્રોતા ચ દુર્લભાઃ । કોંગ્રેસે મણિશંકર ઐયરની વાત ગંભીરતાથી લેવી જોઈએ એમ નથી લાગતું?

સેક્ટર-૨૪ ખાતે બાપા સીતારામ પરિવાર દ્વારા ૮મો ભવ્ય પાટોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જે પ્રસંગે સેક્ટર-૨૪ તેમજ વાસણીયા મહાદેવ, કલોલના પ્રાથમિક શાળાનાં લગભગ ૧૭૦૦ જેટલા બાળકોએ ભોજન પ્રસાદીનો લાભ લીધો હતો. સંત બાપા સીતારામનાં સત્કાર્યોને યાદ કરી સમાજનાં સેવાકિય પ્રવૃત્તિ કરવાનો સૌને નેમ લેવડાવી હતી. (તસવીર : કશ્યપ નિમાવત)

આજે હીરામણિ સ્કૂલ દ્વારા સાયન્સ એક્સ્પોઝીશન રિજૂવેનેટ-૨૦૧૩ સ્પર્ધા

ધોરણ-૯ થી ૧૨ના ગુજરાતી-અંગ્રેજી માધ્યમના આશરે ૧૦૦ થી વધુ બાળકો આ પ્રોજેક્ટ્સ સ્પર્ધામાં ભાગ લેશે

અમદાવાદ, તા. ૧૧

સરખેજ-ગાંધીનગર હાઈવે પર આવેલી અમદાવાદની હીરામણિ સ્કૂલમાં વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન પ્રત્યેની જ્ઞાનલક્ષી અને સર્જનાત્મક દૃષ્ટિકોણ કેળવાય એ આશયથી તા. ૧૨મી ડીસેમ્બર ગુરૂવારે આંતરશાળા વિજ્ઞાન પ્રોજેક્ટસ સ્પર્ધા આયોજિત કરવામાં આવેલ છે. આ સ્પર્ધામાં ગુજરાતી-અંગ્રેજી માધ્યમની શાળાના ૧૦૦ વિદ્યાર્થીઓ તેમજ ૫૦ શિક્ષકો ભાગ લેનાર છે. આ સ્પર્ધાનું ઉદ્‌ઘાટન હીરામણિ પરિવારના પ્રમુખ નરહરિ અમીનના હસ્તે બપોરે ૧.૩૦ વાગે હીરામણિ સાંધ્યજીવન કુટીર વૃદ્ધાશ્રમ ખાતે કરવામાં આવશે.

વિજ્ઞાનલક્ષી અભિનવ પ્રયોગ અંતર્ગત આયોજિત આ સ્પર્ધામાં મુખ્ય મહેમાન તરીકે તેમજ પ્રોજેક્ટસના ચીફ રેફરી તરીકે ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ-કુલપતી ડૉ. પરિમલ ત્રિવેદી તથા ગુજરાત યુનિવર્સિટીની વિજ્ઞાન વિદ્યાશાખાના ડીન ડૉ. નિશા શાહ અને ગુજરાત યુનિવર્સિટીના કાર્યકારી કુલ સચિવ ડૉ. બળદેવભાઈ પટેલ અતિથિ વિશેષ પદે તેમજ કો-રેફરી તરીકે ઉપસ્થિત રહેશે.

વિજ્ઞાન વિષયક અભિવ્યક્તિ અને જ્ઞાનના નવીનીકરણના આ 'સાયંસ એક્સ્પોઝિશન રિજૂવેનેટ-૨૦૧૩'નામે આંતર સ્કૂલ જ્ઞાન વિનિમયની યોજનાના આ વિશિષ્ટ કાર્યક્રમમાં અંગ્રેજી તથા ગુજરાતી માધ્યમની કુલ ૫૦ શાળાઓના વિદ્યાર્થીઓને ઈન્ટર સ્કૂલ એક્ઝિબીશન માટે પોતાની પસંદગીના બાયોલોજી, કેમિસ્ટ્રી, ફિઝિક્સ અને મેથ્સ પૈકી કોઈ પણ વિષયના બબ્બે પ્રોજેક્ટસ તૈયાર કરવાની તક આપવામાં આવશે. આ પ્રસંગે 'સાયંટિફિક નોલેજ' વિશે વિખ્યાત વૈજ્ઞાનિક ડૉ. વિપીનકુમારની રાહબરીમાં ચર્ચા પણ યોજવામાં આવશે. જે તે ક્ષેત્રના વિજ્ઞાન વિષયક તજ્ઞોના જ્ઞાન અને અનુભવનો લાભ વિદ્યાર્થીઓ તથઆ શિક્ષકોને મળશે. અનેતજ્ઞોચાર્ચાવિચાર વિનિમયની તક સાંપડશે અને તે દ્વારા વિદ્યાર્થીઓ તથા શિક્ષકોને જ્ઞાનના નવીનીકરણની અનુકૂળતા અને અભિવ્યક્તિ માટેનું પ્લેટફોર્મ પ્રાપ્ત થશે.

આ સ્પર્ધામાં ધોરણ ૯ થી ૧૨ના ૧૦૦ થી વધુ વિદ્યાર્થીઓ અને પચાસેક શિક્ષકો ભાગ લેશે. આ સ્પર્ધામાં વિજેતા સ્કૂલોને પ્રથમ, દ્વિતીય, તૃતીય તથા પ્રોત્સાહિક પારિતોષિક પ્રદાન કરવામાં આવશે. વિશાળ ફલક પર અભિનવ વિષય વસ્તુની જાણકારી વિદ્યાર્થીઓની સર્જનાત્મક શક્તિની અભિવ્યક્તિ અને પ્રયોગોના પ્રત્યક્ષ નિદર્શનની દૃષ્ટિએ હીરામણિના આ વિજ્ઞાનલક્ષી કાર્યક્રમને શિક્ષણક્ષેત્રે અને સમાજ તરફથી ઉશ્માભર્યો આવકાર સાંપડી રહ્યો છે.

આદર્શ નિવાસી શાળા સે. ૧૩ની વિદ્યાર્થિનીઓ જિલ્લા કક્ષાએ ભાગ લેશે

ગાંધીનગર, તા. ૧૧

ખેલ મહાકુંભમાં આદર્શ નિવાસી શાળા વિકસીતજાતિ કન્યા વિદ્યાલય ઝોન કક્ષાએ ૧૬ વર્ષથી ઉપરની વયજૂથમાં વિદ્યાર્થિનીઓએ કબડ્ડી, ખોખો, રસ્સાખેંચમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. જ્યારે ૧૬ વર્ષની વયજૂથમાં કબડ્ડીમાં બીજુ સ્થાન મેળવ્યું છે. તેમજ એથ્લેટિક્સ રમતોમાં લાંબીકૂદ, દોડ, લંગડી, ફાળકૂદ, બરછીફેંક, ચક્રફેંક જેવી રમતોમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન મેળવ્યું છે ત્યારે આદર્શ નિવાસી શાળા સે. ૧૩ની વિદ્યાર્થિનીઓ જિલ્લાકક્ષાએ ભાગ લેશે.

કડવા પાટીદાર પસંદગી કેન્દ્રને મળી રહેલો અભૂતપૂર્વ આવકાર

ચિલોડા, તા. ૧૧

કડવા પાટીદાર જીવનસાથી પસંદગી નોંધણી કેન્દ્રમાં કડવા પાટીદાર સમાજના લગ્નોત્સુક યુવક-યુવતીઓ દ્વારા અભૂતપૂર્વ આવકાર મળી રહ્યો છે.

ગાંધીનગર ખાતે કડવા પાટીદાર જીવનસાથી પસંદગી નોંધણી કેન્દ્ર, પટેલ પાર્લર સે. ૨૪ ઉપર કાર્યરત છે. જેમાં આ કાર્યાલયને છ માસમાં જ સમાજના અપરણિત, છૂટાછેડા લીધેલ, લગ્નોત્સુકો દ્વારા રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું છે. જેમાં ૪૬૦ યુવતિઓ અને ૩૪૦ યુવકોએ આ કેન્દ્રમાં રજીસ્ટ્રેશન કરાવ્યું છે. જેમાંથી ૧૫ યુવક યુવતિઓ જીવનની કેડી ઉપર ચાલવા સહમત થયા છે. આ કેન્દ્રનો લાભ લેવા ડૉ. ડી.એસ. પટેલ ૯૦૯૯૯ ૪૫૨૪૪ પર સંપર્ક કરવા જણાવ્યું છે.

ચૈતન્ય સ્કૂલ દ્વારા ચિત્ર ચૈતન્ય જુનિયર આર્ટ કોમ્પિટીશનનું આયોજન

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગરની ચૈતન્ય સ્કૂલ દ્વારા 'ચિત્ર ચૈતન્ય' જૂનિયર આર્ટ કોમ્પિટીશન સેક્ટર-૨૧માં ચ-રોડ પર આવેલા વૈજનાથ મંદિર પાસે આવેલ જૂનિયર ચૈતન્ય ખાતે તા. ૧૪મી ડિસેમ્બર શનિવારે આયોજિત કરવામાં આવેલ છે. આ ચિત્ર સ્પર્ધામાં ૨ થી ૭ વર્ષની વય જુથના બાળકો નિશુલ્ક ભાગ લઈ શકશે. આ સ્પર્ધાને ત્રણ કેટેગરીમાં વિભાજીત કરવામાં આવેલ છે. જેમાં ગ્રુપ-એ જેક એન્ડ જીલ' વિભાગમાં ૨ થી ૩ વર્ષની વયના બાળકો, ગ્રુપ-બી 'હમ્ટી-ડમ્પી' વિભાગમાં ૪ થી ૫ વર્ષની વયના બાળકો અને ગ્રુપ-સી 'ઈન્સી-વિન્સી' વિભાગમાં ૬ થી ૭ વર્ષની વય જૂથના બાળકોનો સમાવેશ કરાયો છે. આ સ્પર્ધામાં ભાગ લેવા માટે છેલ્લી તારીખ ૧૩મી ડીસેમ્બર શુકવાર સુધી રાખવામાં આવેલી છે. તેમજ નામ નોંધાવવા માટે સેક્ટર-૨૧માં વૈજનાથ મહાદેવ મંદિર પાસે આવેલ ચૈતન્ય જુનિયરનો સંપર્ક કરવાનો રહેશે.

અશ્વિનભાઈ પટેલ કોલેજમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સંમેલન યોજાશે

ગાંધીનગર, તા. ૧૧

અશ્વિનભાઈ પટેલ કોમર્સ કોલેજમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સંમેલન તા. ૧૫ ડિસેમ્બર રવિવાર સાંજે ૩ થી ૬ કલાક દરમ્યાન ખિમજી વિસરામ હોલ સે. ૨૩ ખાતે યોજવામાં આવશે.

કડી વિદ્યાલય સંચાલિત એ.એ. પટેલ કોમર્સમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સ્નેહ સંમેલન યોજવામાં આવશે. આ કાર્યક્રમમાં ગુજરાતના ખ્યાતનામ હાસ્ય કલાકાર શાહબુદ્દીનભાઈ રાઠોડ વિદ્યાર્થીઓને રસ તરબોળ કરશે.

કાર્યક્રમમાં પ્રવેશ મેળવવા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ ૯૪૨૭૫ ૦૯૯૦૫ પર મેસેજ મોકલવાનો રહેશે. જેમાં વિદ્યાર્થીનું નામ, બી.કોમ પૂર્ણ કર્યાનું વર્ષ અને મોબાઈલ નંબર ટાઈપ કરવાનો રહેશે. રજીસ્ટ્રેશન કરાવેલ વિદ્યાર્થીને જ પ્રવેશ આપવામાં આવશે તેમ કોલેજના આચાર્ય ડૉ. જયેન્દ્રભાઈ ભટ્ટ અને પ્રો. ધર્મેન્દ્રભાઈ પટેલે જણાવ્યું છે.

ખેલ મહાકુંભમાં જે.બી. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ રાજ્યકક્ષાએ ભાગ લેશે

ખેલમહાકુંભમાં શહેરની અને જિલ્લાની શાળાઓએ ભાગ લઈ શાળાના વિદ્યાર્થીઓ અનેક રમતોમાં ઉંચાઈ પ્રાપ્ત કરી રહ્યા છે ત્યારે કેડી કેમ્પસમાં આવેલી જે.બી. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ વિવિધ રમતોમાં ભાગ લઈ ટોચના ક્રમ મેળવ્યા છે. કડી કેમ્પસમાં આવેલી જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક વિદ્યાલયના વિદ્યાર્થીઓએ ખેલમહાકુંભમાં ભાગ લીધો હતો. જેમાં ૬૦ મીટર દોડમાં હેત પટેલ તૃતીય સ્થાન, સ્ટેડિંગ બ્રોડજંપમાં યશ પટેલ અને કૃણાલ પટેલ, પ્રથમ સ્થાન, જુડોમાં હિતરાજ જેઠવા, પ્રથમ અને વિશ્વ જાનીએ દ્વિતીય સ્થાન, ગોળાફેંકમાં સ્મીત ચૌધરી દ્વિતીય સ્થાન, તિરંદાજીમાં ખુશ પટેલ, તૃતીય સ્થાન અને ટેક્વેન્ડોમાં નિર્ભય જોષીએ તૃતીય સ્થાન મેળવી શાળાનું ગૌરવ વધારેલ છે.

ખેલ મહાકુંભ કબડ્ડી સ્પર્ધામાં ચૌધરી કોલેજની ગોલ્ડન ટીમ ચેમ્પિયન અને સિલ્વર ટીમ રનર્સ અપ બની

ગાંધીનગર, તા. ૧૧

ખેલ મહાકુંભમાં જિલ્લાકક્ષાની રમાયેલી કબડ્ડી સ્પર્ધામાં પી.કે. ચૌધરી મહિલા કોલેજની ટીમ ચેમ્પિયન બની હતી.

રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક વિભાગ અને સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતના સહકારથી ખેલમહાકુંભનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૧૦ ડિસેમ્બરના રોજ ૧૬ વર્ષથી ઉપરના ખેલાડીઓની કબડ્ડી સ્પર્ધા મહાત્મા મદિર વિદ્યામંદિર સે. ૧૬ ખાતે યોજવામાં આવી હતી. જેમાં ચૌધરી કોલેજની ગોલ્ડન ટીમ ચેમ્પિયન અને સિલ્વર ટીમ રનર્સ અપ રહી હતી.

આજે ૧૨મી ડિસેમ્બરે... ચાલો, સ્મરીએ 'સ્વદેશી'ના મહાન સત્યાગ્રહી શહીદ બાબુ ગેનૂ સઈદને !

આજે બારમી ડિસેમ્બરે 'સ્વદેશી' આંદોલનના પ્રથમ શહીદ બાબુ ગેનૂને યાદ કરીએ. નામ સાવ અજાણ્યું લાગશે. ઈતિહાસ પણ કદાચ એને ઓળખતો નહીં હોય !

પણ, સ્વદેશીની ચળવળ સાથે જોડાયેલું આ મહાન ચરિત્ર છે, જેનું પુણ્યસ્મરણ કરીએ.

બાબુ ગેનૂ સઈદનો જન્મ ૧૯૦૮ માં મહાળુંગે નામના ગામમાં કે જે પુના જિલ્લામાં આંબેગાંવ તાલુકામાં આવેલું છે – ત્યાં થયો હતો. તે નોકરી માટે મુંબઈ આવ્યો હતો. મુંબઈની એક મિલમાં કામ કરી તે પોતાનું પેટ ભરતો. પણ તેનું મન દેશની આઝાદી ઝંખતું હતું.

મહાત્મા ગાંધીજીએ ૧૯૩૦ માં સ્વદેશી અને સવિનય કાનૂનભંગના સત્યાગ્રહની ઘોષણા કરી. આ ચળવળની ઉત્તેજના આખા ભારતમાં વ્યાપી ગઈ. અનેક નવયુવાનો એમાં જોડાયા.

૧૯૩૦ માં વડાલા ખાતે થયેલા સત્યાગ્રહમાં બાબુ ગેનૂ પણ પકડાયો. એને જેલમાં સખત મજૂરીની સજા થઈ. સજા ભોગવ્યા બાદ બહાર આવ્યા પછી એની આઝાદી માટેની તડપ વધી ગઈ.

કાનૂનભંગની ચળવળમાં વિદેશી કપડાંનો બહિષ્કાર કરવાના કાર્યક્રમો ઠેરઠેર યોજાવા લાગ્યા. બાબુ ગેનૂએ આ કાર્યક્રમની આગેવાની લીધી. મુંબઈમાં આ કાર્યક્રમે જોર પકડ્યું. ઠેકઠેકાણે વિદેશી કપડાંની હોળી કરવામાં આવી. આવું કાપડ વેચતી દુકાનો સામે દેખાવ કરવામાં આવ્યા. શાંતિથી દેખાવ કરનાર લોકોને પણ પોલીસ મારપીટ કરવા લાગી.

સવિનય કાનૂનભંગ ચળવળના સ્વયંસેવકોએ નક્કી કર્યું કે વિદેશી કાપડને દુકાનો સુધી પહોંચવા જ ન દેવું. આ યોજના અનુસાર તેમણે રસ્તા ઉપર, ખાસ તો કાપડબજારની નાકાબંધી કરી.

૧૯૩૦ ની સાલમાં એક દિવસ કાલબાદેવીમાં કાપડબજારમાં ઇંગ્લેન્ડના માન્ચેસ્ટરથી આવેલા કાપડની ટ્રક જઈ રહી હતી. આ ટ્રકનો વિરોધ થશે એવા ભયથી જ્યોર્જ ફ્રેઝરે આગોતરો પોલીસ બંદોબસ્ત ગોઠવ્યો હતો.

બાબુ ગેનૂના નેતૃત્વ હેઠળ એક ટુકડી કાલબાદેવીમાં એ સ્થળે પહોંચી અને ટ્રકને રોકી. હાથમાં ત્રિરંગો ધ્વજ લઈ બાબુ ટ્રકની સામે ઊભો રહી ગયો. પોલીસ અધિકારીએ તેને ખસેડવા પ્રયત્ન કર્યો તો બાબુ રસ્તા પર આડો સૂઈ ગયો.

અંગ્રેજ અધિકારીએ ડ્રાઈવરને ટ્રક ચલાવવા ફરમાન કર્યું, પણ ડ્રાઈવરની હિંમત ન ચાલી. બાબુ હાથમાં ધ્વજ લહેરાવતો, સૂતો સૂતો મહાત્મા ગાંધીનો જય-જયકાર કરતો રહ્યો. અંગ્રેજ અધિકારીએ ડ્રાઈવરને ખસેડી એનું સ્થાન લીધું અને એણે એ ટ્રકને બાબુ ગેનૂના શરીર પરથી ઢંકારી મૂકી.

બાબુ ગેનૂનું શરીર કચડાઈ ગયું. એના શરીરમાંથી રક્તના ફુવારા છૂટી પડ્યા. સ્થળ પર જ બાબુ ગેનૂ મૃત્યુને શરણ થયો. એના હાથમાંનો ઝંડો હજીય ઊંચો જ રહ્યો હતો. તે બાજુમાં ઊભેલા એક સ્વયંસેવકે પોતાના હાથમાં લઈ લીધો. ચારે બાજુ 'વંદે માતરમ્' નો નારો ગૂંજી ઊઠ્યો. કાલબાદેવીના વિસ્તારમાં વાયુવેગે બાબુ ગેનૂની શહીદીના

સમાચાર ફેલાઈ ગયા. હાહાકાર મચી ગયો.

બાબુ ગેનૂના બલિદાનને લીધે લોકોને અંગ્રેજ સત્તાનું શયતાની રૂપ જોવા મળ્યું.

બાબુ ગેનૂના અનુપમ સ્વદેશપ્રેમ અને સ્વદેશીપ્રેમનું જ્વલંત ઉદાહરણ આપણી પેઢીને કહેવા જેવું છે. એક સામાન્ય માણસ અસામાન્ય ઘટના બની ગયો !

આવા મહાન દિવસે થોડું સ્વદેશીનું ચિંતન કરીને બાબુ ગેનૂને આપણી સ્મરણાંજલિ સમર્પીએ.

સ્વદેશી એટલે...
સ્વભાષા, સ્વભૂષા અને સ્વત્વનું ગૌરવ.
સ્વદેશી એટલે સ્વદેશાભિમાનનો ભાવ...
આજે ૧૨મી ડિસેમ્બરે...
ચાલો, સ્મરીએ 'સ્વદેશી' ના મહાન સત્યાગ્રહી શહીદ બાબુ ગેનૂ સઈદને !

પ્રસંગસર

- હર્ષદ પ્ર. શાહ

આ રાષ્ટ્ર મારું છે એવો પોતાપણાનો ભાવ...

આ રાષ્ટ્રની સારી અને નરસી – બધી બાબતો મને સ્પર્શે છે. સારી બાબતોનું જતન અને સંવર્ધન કરવું અને નરસી બાબતોને સુધારવી - એવો જવાબદારીનો ભાવ...

સ્વદેશી એટલે...
માત્ર અર્થતંત્રનો વિષય નહીં,
ભૌતિક ચીજ-વસ્તુઓનો જ વિષય નહીં,
કેવળ ઉપભોક્તાવાદની ચર્ચા પણ નહીં..
સ્વદેશી એટલે...

આત્મબોધ, સ્વદેશના આધ્યાત્મિક વારસા સાથે જોડાણ, સ્વદેશની શોધખોળો માટે ગૌરવનો ભાવ, આપણા મહાન પૂર્વજો સાથેનો ચેતનામય અનુબંધ...

સ્વદેશી એટલે...
ગ્રામસ્વરાજનો વિચાર,
અર્થતંત્રના વિકેન્દ્રીકરણનો વિચાર,
પોતાની નજીકમાં બનતી વસ્તુઓ વાપરવાનો આગ્રહ.

સ્વદેશીના વિચાર, આગ્રહ અને અમલથી રાષ્ટ્રનો પ્રત્યેક ઘટક ભૌતિક સુખ-સમૃદ્ધિ પામે અને રાષ્ટ્ર સાથે વિશ્વકલ્યાણનો પણ વિચાર કરે... *सर्वेऽपि सुखिनः सन्तु ।*

આમ, સ્વદેશી એટલે વ્યક્તિગત સંયમ અને સાધના દ્વારા *वसुधैव कुटुंबकम्*ના સાધ્ય સુધી પહોંચવાનો માર્ગ.

માત્ર રોટી-કપડા-મકાનની વાત એટલે 'સ્વદેશી' – એવું નથી. સ્વદેશી એ તો જીવનનો દૃષ્ટિકોણ છે. 'સ્વદેશી'

નો અર્થ જરા સરખોય સ્થૂળ કે ભૌતિક નથી. એનો અર્થ તો સૂક્ષ્મ અને અત્યુચ્ચ આધ્યાત્મિક સ્તરનો છે.

સ્વદેશી એટલે સ્વત્વભાવનું જાગરણ. 'સ્વ'ની ઓળખ મનુષ્ય માટે અઘરામાં અઘરું કાર્ય છે. 'સ્વ'ને જાણવાની - ઓળખવાની ક્રિયા એટલે સ્વદેશી. આવો આત્મબોધ જ સમષ્ટિ અને પરમેષ્ટિ સાથે જોડી શકે. આમ, સ્વદેશી એ સ્વાભિમાન અને સ્વાવલંબન તરફ દોરી જતું દિવ્ય તત્ત્વ છે, જે વ્યક્તિને રાષ્ટ્ર સાથે ભાવાત્મક રીતે જોડે છે. સ્વદેશીભાવ જ વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્રની અસ્મિતા જગાડી શકે... અને, તેથી 'સ્વદેશી' એ રાષ્ટ્રનો ધર્મ, મર્મ અને પ્રાણ છે.

વિદેશી ચીજ-વસ્તુઓ વાપરીને ભ્રષ્ટ થવું એના કરતાં સ્વદેશી ચીજ-વસ્તુઓ વાપરીને શ્રેષ્ઠ બનવું શ્રેયસ્કર છે.

૧૮૫૭ માં તો બંદૂકનાં કારતૂસો પર લગાડેલી ગાય-સૂવરની ચરબી મોઢેથી તોડી કેવળ સૈનિકો જ ભ્રષ્ટ થતા

હતા. આજે વિદેશી ચોકલેટ, કેડબરી પ્રોડક્ટસ, કેક, ઠંડાં પીણાં, સાબુ, લિપસ્ટિક અને ટેલકમ પાવડર જેવી અસંખ્ય વસ્તુઓ દેશના કરોડો નાગરિકોને રોજ... ડગલે ને પગલે ભ્રષ્ટ કરી રહી છે.

જાહેરાતો – વિજ્ઞાપનોના વમળમાં ખેંચાઈને ડૂબ્યા જ કરવું હોય તો આપણને કોઈ તારી શકે નહીં.

આજે આપણે જો આ બધું સમજીશું તો આપણી વ્યક્તિ તરીકેની અને રાષ્ટ્ર તરીકેની ઉન્નતિ નિશ્ચિત છે... અને

આપણી ભાવિ પેઢી ભયંકર તારાજીમાંથી બચી જશે એ નફામાં...

વિચારીએ...